# **બુધવાર, તા.૧લી જુલાઈ, ૨૦૨૬**

## **૩૮૫.જાહેર હિસાબ સમિતિની બેઠકો:-**

જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૨/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ)ના ફકરાઓની અને માર્ગ અને મકાન વિભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો તથા ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

જાહેર હિસાબ સમિતિની બેઠક બુધવાર, તા.૦૩/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ મહેસૂલ વિભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર)ના ફકરાઓની અને વાહનવ્યવહાર પ્રભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર)ના ફકરાઓની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો તથા ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**